# બાંગ્લાદેશમાં હિંદુઓનો આક્રોશ: રામની પ્રતિમાનું નિર્માણ અટકાવાતાં મશાલ માર્ચ

**કટ્ટરપંથીઓ** દ્વારા તોડફોડનો આરોપ, ઢાકામાં 'જય શ્રી રામ'ના નારા સાથે હજારો લોકો રસ્તા પર ઊતર્યા



ઢાકા, તા. 20: બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં શુક્રવારે રાત્રે હજારો હિંદુઓએ રસ્તા પર ઊતરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભગવાન રામની પ્રતિમા નિર્માણના પ્રોજેક્ટને અટકાવવાથી ગુસ્સે ભરાયેલા હિંદુ સમાજના લોકોએ હાથમાં મશાલ લઈને માર્ચ કાઢી હતી.

પ્રદર્શનકારીઓનો આરોપ છે કે, ઉત્તરી બાંગ્લાદેશના ગૈબાંધા જિલ્લાના પલાશબાડી વિસ્તારમાં એક મંદિર પરિયોજના દરમિયાન ભગવાન રામની તસવીરને કટ્ટરપંથીઓએ અપવિત્ર કરી અને નિર્માણ કાર્ય બળજબરીપૂર્વક અટકાવી દીધું હતું.

આ માર્ચ શાહબાગથી શરૂ થઈને નેશનલ પ્રેસ ક્લબ સુધી પહોંચી હતી. આખા રસ્તે 'જય શ્રી રામ'ના નારા ગૂંજતા રહ્યા હતા. આમાં અલગ-અલગ હિંદુ સંગઠનોના સભ્યો અને વિદ્યાર્થીઓ સામેલ હતા.

પ્રદર્શનકારીઓએ દોષિતોની ધરપકડ અને તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. તેમનું કહેવું છે કે ઘટના અંગે ગુનો નોંધાયો હોવા છતાં અત્યાર સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. રંગપુરમાં એક નાના પ્રદર્શન દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે હળવી ઝપાઝપીની પણ માહિતી સામે આવી છે. ગૈબાંધા જિલ્લાના પલાશબાડીમાં એક પ્રસ્તાવિત મંદિર પરિસરમાં ભગવાન રામની 81 ફૂટ ઊંચી પ્રતિમાનું નિર્માણ ચાલી રહ્યું હતું. આ સાથે 53 ફૂટની ભગવાન કૃષ્ણ અને 30 ફૂટની ભગવાન શિવની પ્રતિમા પણ બનાવવામાં આવી રહી હતી. આ સમગ્ર પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ આશરે 22 કરોડ બાંગ્લાદેશી ટકા એટલે કે 16.9 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

## ભારત પ્રથમ વખત FATFના ઉપપ્રમુખપદે ચૂંટાયું

નવી દિલ્હી, તા. ૨૦: નાણાકીય અને રાજદ્વારી વ્યવસ્થાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતા, ભારતે પ્રથમ વખત ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)ના ઉપપ્રમુખપદ પર ચૂંટાઈ આવીને મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ સામેની વૈશ્વિક લડાઈમાં દેશના વધી રહેલા પ્રભાવને રેખાંકિત કર્યો છે. નાણા મંત્રાલય દ્વારા શુક્રવારે આ જાહેરાત કરવામાં આવી હતી.

મધ્યપ્રદેશ કેડરના ૧૯૯૪-બેચના ભારતીય વહીવટી સેવા (IAS) ના અધિકારી અને હાલમાં સંસ્કૃતિ મંત્રાલયમાં સચિવ તરીકે સેવા આપી રહેલા વિવેક અગ્રવાલ જુલાઈ ૨૦૨૬ થી જૂન ૨૦૨૭ સુધીના કાર્યકાળ માટે FATFના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા છે અને તેમની નિમણૂક કરવામાં આવી છે. તેમની આ નિમણૂકને સંસ્થાની સર્વોચ્ચ નિર્ણય લેનારી સંસ્થા 'FATF પ્લેનરી' દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રગતિ પેરિસ સ્થિત આ આંતર-સરકારી વોચડોગમાં ભારતીય અધિકારીને સૌથી પ્રભાવશાળી નેતૃત્વના હોદ્દાઓમાંથી એક પર મૂકે છે, જે મની લોન્ડરિંગ, આતંકવાદી ધિરાણ અને સામૂહિક વિનાશના શસ્ત્રોના પ્રસારના ધિરાણનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય ધોરણો નક્કી કરે છે. FATF ના ઉપપ્રમુખ સંસ્થાના કાર્યોનું માર્ગદર્શન કરવામાં અને ઉભરતા નાણાકીય જોખમો સામે વૈશ્વિક નીતિવિષયક પ્રતિભાવો ઘડવામાં પ્રમુખને સહાય કરે છે.



## મહારાષ્ટ્રના એક ગામમાં મંદિરની છત તૂટી પડતાં પાંચનાં મોત

**પરભણી** જિલ્લાના યશવાડી ગામના હનુમાન મંદિરમાં દુર્ઘટના બની

**બાંધકામ** હેઠળનો સભામંડપ તૂટી પડ્યો, ૨૫ને બચાવાયા

છત્રપતિ સંભાજીનગર, તા. ૨૦(PTI): મહારાષ્ટ્રના પરભણી જિલ્લાના યશવાડી ગામમાં શનિવારે બપોરે એક નિર્માણાધીન હનુમાન મંદિરની છત તૂટી પડતાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે અને ૧૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે, તેમ પોલીસે જણાવ્યું હતું. આ ગામ પરભણી-માનવત રોડ પર આવેલું છે, જે છત્રપતિ સંભાજીનગરથી લગભગ ૧૯૦ કિલોમીટર દૂર છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, બપોરે ૩.૩૦ વાગ્યાની આસપાસ નિર્માણાધીન 'સભામંડપ' અથવા બહારના હોલની છતનો એક ભાગ તૂટી પડ્યો હતો. તેમણે ઉમેર્યું કે, પાંચ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે અત્યાર સુધીમાં અંદાજે ૨૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, શનિવારનો દિવસ ભગવાન હનુમાન સાથે જોડાયેલો હોવાથી મંદિરમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શ્રદ્ધાળુઓના મોત પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે ઈજાગ્રસ્તોને તબીબી સારવાર આપવામાં આવી રહી છે.

તેમણે જાહેરાત કરી હતી કે મૃતકોના પરિજનોને ૫ લાખની આર્થિક સહાય આપવામાં આવશે. મૃતકોની ઓળખ સંતોષ ગડાડે (રહે. મંથા), આકાશ સુરદુસે (પરભણી), મુનેશ અગ્રવાલ (૨૬, જીંતુર), સૂરજ પોપટકર (૨૦, માનવત) અને શ્રીકૃષ્ણ ગાવરે(૩૮, વડવણી-બીડ) તરીકે થઈ છે.

## રામ મંદિર દાન કૌભાંડ મામલો હાઈકોર્ટમાં ગયો

**મોતીલાલ** નામના એક વકીલે અલ્હાબાદ હાઇકોર્ટમાં અરજી કરીને અદાલતી તપાસની માગ કરી

**૪૦** કિગ્રા ચાંદી પણ ગાયબ થઇ ગઇ હોવાની નવી વિગતો બહાર આવી

લખનૌ, 20 જૂનઃ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં આવેલા રામ મંદિરમાં દાન અને ચઢાવાના કથિત ઉચાપતનો મામલો થમવાનું નામ નથી લઈ રહ્યો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રામભક્તોને ભરોસો આપ્યો છે કે તેઓ ૧૫ દિવસ વધુ રાહ જુએ, એસઆઈટી (SIT) તપાસ દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેશે. આ દરમિયાન આ મામલો અલ્હાબાદ હાઈકોર્ટ સુધી પહોંચી ગયો છે.

વકીલ મોતીલાલે હાઈકોર્ટમાં એક જાહેરહિતની અરજી દાખલ કરી છે, જેમાં રામ મંદિર ટ્રસ્ટ પર લાગેલા આરોપોની તપાસ માટે ન્યાયિક પંચ (જ્યુડિશિયલ કમિશન) બનાવવાની માંગ કરવામાં આવી છે. વકીલ મોતીલાલે જણાવ્યું કે મોટા લોકોને બચાવવા માટે સરકાર દ્વારા SITની રચના કરવામાં આવી છે, જ્યારે વાસ્તવમાં આમાં બહુ મોટું કૌભાંડ છે. ન્યાયિક પંચની રચના કરવામાં આવે, જેમાં હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના જજ આની તપાસ કરે અને અયોધ્યાના જિલ્લા જજને રિસીવર તરીકે નિયુક્ત કરવામાં આવે.

અયોધ્યામાં રામ મંદિરના ભંડોળમાં કથિત ઉચાપતના વિવાદની વચ્ચે, લખનૌના એક ઝવેરીએ શનિવારે દાવો કર્યો હતો કે તેઓ મંદિરને ગુપ્ત દાન તરીકે આપેલા ત્રણ કિલો વજનના ચાંદીના દીવાની વર્તમાન સ્થિતિ વિશે જાણતા નથી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન(IBJA) ના ઉત્તર ભારતના વડા અનુરાગ રાસ્તોગીએ જણાવ્યું હતું કે તેઓ અયોધ્યામાં ભૂમિપૂજન (5 ઓગસ્ટ, 2020 ના રોજ યોજાયેલ) પહેલા એસોસિએશન દ્વારા દાનમાં આપવામાં આવેલા 39.26 કિલો વજનની ચાંદી ક્યાં છે તેની પણ માહિતી મેળવી શક્યા નથી.




### ગૌરી સ્પ્રેટ સાથે રજિસ્ટર્ડ મેરેજ કરશે આમિર ખાન



મુંબઈ, તા. 20: મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાન 61 વર્ષની ઉંમરે ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે ત્રીજાં લગ્ન કરવાનો છે. આ લગ્ન 5 જુલાઈના રોજ થશે, જેમાં આમિર અને ગૌરીના ગણતરીના સંબંધીઓ સિવાય માત્ર નજીકના મિત્રો જ સામેલ થવાના છે. લગ્ન માટે આમિર ખાન ફિલ્મોમાંથી બ્રેક લેવાનો છે. લગ્ન પર વાત કરતાં આમિર ખાને કહ્યું હતું કે, "આ ઘરે થનારા એક ખૂબ જ સિમ્પલ રજિસ્ટર્ડ મેરેજ હશે, જેમાં માત્ર બંને પરિવારના સભ્યો અને કેટલાક ખૂબ જ નજીકના મિત્રો સામેલ થશે. અમે બંને આ સમારોહને ખૂબ જ સાદો અને ખાનગી રાખવા માંગીએ છીએ.



### ૩૯ વર્ષની ઉંમરે સામંથા મા બનશે

મુંબઈ, તા. ૨૦ અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ ફિલ્મ-નિર્માતા રાજ નિદિમોરુ સાથે તેના પ્રથમ બાળકની અપેક્ષા રાખી રહી છે. એમ તેની નજીકનાં સૂત્રોએ પુષ્ટિ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૩૯ વર્ષીય અભિનેત્રી આ વર્ષના અંત સુધીમાં બાળકને જન્મ આપશે. સામંથાની પ્રેગ્નેન્સી વિશેની ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે તે તેની ફિલ્મ 'મા ઇન્તિ બંગારમ'ની સફળતાની ઉજવણીમાં જોવા મળી હતી.

**મેલોનીએ ફોટો પડાવવા વારંવાર વિનંતી કરી હોવાનો ટ્રમ્પનો નવો દાવો, મેલોનીનો સખત જવાબ**

# અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ-મેલોની ફરી ઝઘડ્યા

**ટ્રમ્પે** કહ્યું કે પોતાની લોકપ્રિયતા વધારવા ઇટાલીના વડાપ્રધાન મારી સાથે ફોટો પડાવવા માગતા હતા!

**વડાપ્રધાન** મેલોનીએ કહ્યું કે મારા દેશમાં મારી લોકપ્રિયતા માટે તમારી મિત્રતાની જરૂર નથી



વૉશિંગ્ટન, તા. ૨૦: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો છે કે ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ફ્રાન્સમાં યોજાયેલી જી૭ સમિટ દરમિયાન તેમની સાથે ફોટો પડાવવા માટે વારંવાર વિનંતી કરી હતી. ટ્રમ્પનો દાવો છે કે મેલોની ઈટાલીમાં પોતાની લોકપ્રિયતા વધારવા માટે આવું કરી રહ્યા હતા. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ફ્રાન્સમાં જી-૭ બેઠક દરમિયાન મારી સાથે ફોટો માટે વારંવાર, એક પછી એક એમ અનેક વાર પૂછ્યું હતું. ટ્રમ્પે દાવો કર્યો હતો કે મેલોની ઈટાલીમાં ઘટતી લોકપ્રિયતાનો સામનો કરી રહ્યા છે, તેઓ ઈટાલીમાં પોતાની લોકપ્રિયતાના સ્તરમાં નબળો દેખાવ કરી રહ્યા છે, કદાચ એટલા માટે કારણ કે જ્યારે ઈરાનને પરમાણુ હથિયાર મેળવતા કે વિકસાવતા રોકવાની વાત આવી, ત્યારે તેમણે અમેરિકા–એક એવો દેશ જે ઈટાલીને સાચા અર્થમાં પ્રેમ કરે છે અને તેનું રક્ષણ કરે છે–તેનો સાથ આપવાનો ઈનકાર કર્યો હતો એમ ટ્રમ્પે કહ્યું હતું. અમેરિકી રાષ્ટ્રપતિએ ઈટાલી દ્વારા અમેરિકાને ઈટાલીના લેન્ડિંગ સ્ટ્રિપ્સ અથવા રનવેનો ઉપયોગ કરવાની મંજૂરી ન આપવા બદલ પણ ટીકા કરી હતી અને તેને એક મોટી સંસાધનીય સમસ્યા ગણાવી હતી. ટ્રમ્પે પોસ્ટમાં જણાવ્યું, "હવે, જ્યારે અમેરિકાએ ઈરાનને સૈન્ય રીતે હરાવી દીધું છે, ત્યારે તેઓ પોતાના 'આંકડા (લોકપ્રિયતાના) સુધારવા' માટે ફરીથી મિત્ર બનવા માંગે છે. ના, તમારો આભાર!!!"

ટ્રમ્પની આ નવી ટિપ્પણીઓનો જવાબ આપતા, મેલોનીએ કહ્યું કે મારી લોકપ્રિયતાની તમારે ચિંતા કરવાની જરૂર નથી, તમે તમારી લોકપ્રિયતા પર જ ધ્યાન આપો.





